Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચારિત્ર રત્નો



ગોપાળ કૃષ્ણ ગોખલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या.....

पञ्जिका संख्या.....

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી બાલ સંસ્કારમાલા

ગોપાલકૃષ્ણ ગોખલે

ક્રમાંક [illegible]-૧૬૮૪

ચરિત્રરત્નો
ગુચ્છ રજું

પુસ્તક ૧ લું

એન. એમ. ઠક્કરની કું.
૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઇ ૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કિંમત આઠ આના

મુદ્રક :
છેલશંકર ગોવિંદજી શુકલ
મોજમજાહ પ્રીં. પ્રેસ
ખટાઉવાડી, મુંબઇ–૪.

પ્રકાશક :
નંદલાલ મોહનલાલ ઠક્કર
એન. એમ. ઠક્કરની કુંપની
૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ–૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'જો દેશને ખાતર સૂળીએ ચઢવું પડે તો તે કાર્ય નિડરપણે હસમુખે ચહેરે કરવાની તેમનામાં શક્તિ હતી.'

—ગાંધીજી



ગોપાલ કૃષ્ણ ગોખલે

મહારાષ્ટ્રનો રત્નાગિરિ જિલ્લો માનવ–રત્નો પેદા કરવા માટે જાણીતો છે. તિલક, રાનડે, આગરકર, ચિપળૂણકર આ બધા રત્નાગિરિ જિલ્લામાં જન્મેલા. આવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રત્નાગિરિ જિલ્લાના ગામ કોતળુકમાં તારીખ ૯ મી મે, ૧૮૬૬ ના રોજ ગોખલેનો જન્મ થયો. પિતા કૃષ્ણરાવ ગોખલેની આર્થિક સ્થિતિ ગરીબ હતી. માતા સત્યભામા બાઇ ધાર્મિક વૃત્તિવાળાં હતાં.

કૃષ્ણરાવ કાગલ ગામમાં નોકરી કરતા હતા. ગોખલેએ પ્રાથમિક શિક્ષણ અહીં જ પૂરું કર્યું. અભ્યાસ દરમિયાન તેમની સત્યનિષ્ઠા દેખાડતા કેટલાક પ્રસંગો મળી આવે છે. એક પ્રસંગ બહુ જ અગત્યનો છે.

એક દિવસ શાળાના શિક્ષકે ઘેરથી ગણી લાવવા અઘરો દાખલો આપ્યો. ગોખલે બીજાની મદદથી એ દાખલો ગણી શકયા. શાળાના બીજા છોકરાઓને એ દાખલો ન આવડયો. ગોખલે પહેલે નંબરે ચઢયા. તેમને આ જુઠાણું સાલ્યું. તેઓ રડવા લાગ્યા અને શિક્ષક પાસે આખી વસ્તુનો ભેદ ખુલ્લો કર્યો.

કાગલમાં પ્રાથમિક શિક્ષણ પૂરું કરી ગોખલે તેમજ તેમના મોટાભાઇ ગોવિંદને કોલ્હાપુરની અંગ્રેજી શાળામાં મૂકવામાં આવ્યા. કમભાગ્યે પિતા કૃષ્ણરાવ ગુજરી ગયા. ગોવિંદ ઉપર કુટુંબનિર્વાહની જવાબદારી આવી પડી. તેમણે કાગલ–દરબારમાં પંદર રૂપિયાની કારકૂની મેળવી. અડધી રકમ ગોપાળને અભ્યાસાર્થે મોકલતા. ગોખલે

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
આ રકમમાં પૂરું કરતા, ખૂબ જ સાદાઇથી રહેતા. તેમની સાદાઇનો એક પ્રસંગ બહુ જ જાણીતો છે.

ગોખલે જે લોજમાં જમતા તેમાં બે વર્ગો હતા. સાડાચાર રૂપિયા ભરે તેને દહીં મળતું. ચાર રૂપિયા ભરે તેને દહીં ન મળતું. એક દિવસ ગોખલેએ દહીં માંગ્યું. વીશીવાળો મહારાજ બોલી ઊઠયો; 'ચાર રૂપિયામાં જમવું છે ને રાવસાહેબને દહીંના સ્વાદ કરવા છે!' આ અપમાનના બદલામાં ચાર શનિવારના ઉપવાસ કરી પૈસા બચાવી આખો મહિનો દહીં બાઇ વીશીના મહારાજને ચાટ પાડયો.

આ જમાનામાં મહારાષ્ટ્રમાં રાજકીય જાગ્રતિ આવતી હતી. આગરકર અને રાનડેના પ્રયાસોથી સમાજ–સુધારણાનું મોજું મહારાષ્ટ્ર પર ફરી વળ્યું હતું. તિલકે મહારાષ્ટ્રમાં રાજકીય જાગ્રતિ આણી હતી. તેમના પત્રો 'કેસરી' અને 'મરાઠા' દ્વારા સૂતેલા મહારાષ્ટ્રને તેઓ ઢંઢોળી ઉઠાડતા હતા. 'કેસરી' અને 'મરાઠા'માં તિલકે લખ્યું કે કોલ્હાપુરના એડમીનીસ્ટ્રેટર બર્વેએ બાળરાજાને ઝેર દેવાની ખટપટ કરી છે. તિલક પર આબરૂ–નુકસાનીનો દાવો થયો. આખા મહારાષ્ટ્રમાં તિલકના બચાવ માટે ફંડ એકઠું થયું. ગોખલેએ કૉલેજમાં એક નાટક થતું હતું તેમાં સાધ્વીનો પાઠ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
લઇ આઠ આના કમાઇ આ ફંડમાં પોતાનો ફાળો આપ્યો.

સન ૧૮૮૧માં ૧૫ વર્ષની વયે ગોખલે મેટ્રિક પાસ થયા. કૉલેજનો અભ્યાસ શરૂ કર્યો. અને ૧૮૮૫માં મુંબઇની એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી બીજા વર્ગ સાથે બી. એ. પસાર કરી.

તે જમાનો એટલે બાળલગ્ન સ્વાભાવિક કહેવાય. ગોખલે ચૌદ વર્ષના હતા ત્યારે તેમનાં લગ્ન થયાં હતાં. વખત જતાં આ બાળા અતિ રોગી નીવડી. તેમને પાંડુ રોગ થયો અને લોહી સુકાવા લાગ્યું. એક તો ગોખલે સ્વભાવે શરમાળ તેમાં વળી તે જમાનો એટલે પૂછવું શું ? ગોખલે તેમના પત્નીની શુશ્રુષા ન કરી શકયા.

ગોખલેની સ્મરણશકિત અદ્‌ભુત હતી. કાવ્યોના કાવ્યો તેઓ કંઠસ્થ રાખતા. ગ્રેનું 'એલિજી' મિલ્ટનનું 'પેરેડાઇઝ લોસ્ટ' એ કાવ્યો પુસ્તકની મદદ વગર તેઓ શિક્ષક હતા ત્યારે શિખવતા. બર્કનું 'ફ્રેન્ચ રાજ્યક્રાંતિ ઉપર વિચારો' પુસ્તક વાંચી તેઓ બર્ક તરફ આકર્ષાયા. અને બર્કનાં બધાં પુસ્તકોનો તલસ્પર્શી અભ્યાસ કર્યો. તેમના રાજકીય વિચારો ઘડવામાં બર્કનાં પુસ્તકોનો અગત્યનો ફાળો છે. તેમની વકતૃત્વશકિત ખીલવવામાં પણ બર્કનો ખૂબ જ હિસ્સો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
બી. એ. થઇ નોકરી કરતા કરતા એલ. એલ. બી. નો અભ્યાસ કરવાનો તેમણે નિર્ણય કર્યો અને સદ્‌ભાગ્યે રૂપિયા ૩૫ ની શિક્ષકની નોકરી મળી.

આજની કેળવણી ગુલામી માનસ પેદા કરે છે. લોકોના માનસમાં પરિવર્તન કરવું હોય તો કેળવણીની પ્રથા બદલાવવી જોઇએ. શિસ્ત, સ્વમાન, સ્વાશ્રય, સ્વાદેશાભિમાન ઉત્તેજે તેવા ધ્યેયવાળી શાળાઓથી હિંદનું ભાગ્યવિધાન થાય તેમ છે. એવા વિચારો મહારાષ્ટ્રના સુપ્રસિદ્ધ સુધારક ચિપળૂણકરના હતા. તેમણે તિલક–આગરકર વગેરેની સહાયથી ૧ લી જાન્યુ-આરી ૧૮૮૦ના મંગળ દિવસે પૂનામાં 'ન્યુ ઇંગ્લિશ સ્કૂલ' સ્થાપી નૂતન કેળવણીનાં પગરણ માંડયાં આ શાળાએ મહારાષ્ટ્રમાં ઇતિહાસ રચ્યો. સેવાભાવી શિક્ષકો આ સંસ્થામાં જોડાયા. ૧૫૦ વિદ્યાર્થીથી શરૂ થયેલ આ શાળામાં ત્રીજે જ વર્ષે ૧૦૦૦ વિદ્યાર્થી થયા. સરકારી શાળા ઉજ્જડ બની.

ગોખલે બી. એ. થયા પછી એલ. એલ. બી. નો અભ્યાસ કરવા માંગતા હતા. સાથેાસાથ નોકરી પણ કરવી હતી. તેઓ આ શાળામાં માસિક રૂપિયા ૩૫ ના પગારે જોડાયા. અહીં તેઓ તિલક, આગરકર, નામજોશી, ગોળે, આપ્ટે, કેળકર વગેરેના સંપર્કમાં આવ્યા. ગોખલેનું જીવન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
કષ્ટમય રીતે વીત્યું હતું. પૂ. મોટાભાઇએ અનેક કષ્ટો સહન કરી ગોખલેના અભ્યાસમાં આર્થિક સહાય આપી હતી. ગોખલેની ઇચ્છા ખૂબ ધન કમાઇ મોટાભાઇના ચરણોમાં રજૂ કરવાની હતી. તિલકે ગોખલેનું હિર જોયું અને ગોખલે આ સંસ્થાના આજીવન સભ્ય બને તે માટે ખૂબ આગ્રહ કર્યો : ગોખલેના હૃદયમાં તીવ્ર મંથન થયું. એક તરફથી દેશ સાદ કરી રહ્યો હતો–બીજી તરફ કુટુંબ પ્રત્યેની ભક્તિ. ગોખલે આખરે પીગળ્યા. મોટાભાઇ રજા આપે તો પોતે આજીવન સભ્ય થવા તૈયાર છે તેમ જણાવ્યું. ઉદાર દિલના એ મોટાભાઇએ સહર્ષ રજા આપી. આમ ગોખલેજીએ સેવાની દીક્ષા લીધી.

ગોખલે જ્યારે ન્યુ ઇંગ્લિશ સ્કૂલમાં જોડાયા ત્યારે સંસ્થા પાંચમાં વર્ષમાં પ્રવેશી ચૂકી હતી. સંસ્થાના કાર્યકરોનો વિચાર મહારાષ્ટ્રના યુવાનોનું ઘડતર કરવાનો હતો. આ આશયથી તેમણે શિક્ષણ–પ્રવૃત્તિ વિસ્તારી. થોડા જ વખતમાં એક નાની શાળામાંથી ફરગ્યૂસન કૉલેજ ઉત્પન્ન થઇ. શરૂઆતમાં ગોખલેજીને કૉલેજના વર્ગો સોંપવામાં આવ્યા નહોતા. પાછળથી તિલક, આગરકર વગેરેએ ગોખલેજીની શકિત પિછાની. તેમને પ્રિવિયસમાં ઇંગ્રેજીના વર્ગો સોંપ્યા. અહીં ગોખલેજીએ પોતાની અદ્‌ભુત વિદ્વતા અને સ્મરણશકિત દેખાડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
પાઠ્યપુસ્તકોના કાવ્યોને તેઓ કંઠસ્થ કરતા અને પુસ્તકની મદદ વગર વર્ગમાં શિખવતા. આ ઉપરાંત તેઓ પાઠ્યપુસ્તક સંબંધમાં અનેક માહિતી એકઠી કરી પોતાના વિદ્યાર્થીવર્ગને રસમય શૈલીમાં પીરસતા.

આ જ અરસામાં એક ચિરસ્મરણીય બનાવ બન્યો જેને ગોખલેજી ઇશ્વરી યોગ કહે છે.

મહારાષ્ટ્રના સમાજસુધારક આગરકર પર ગોખલેની સુંદર છાપ પડી. તેઓ મહારાષ્ટ્રના અજોડ નેતા મહાદેવ રાનડે સમક્ષ ગોખલેજીને લઇ ગયા. ત્યારથી ગોખલેજીએ રાનડેને પોતાના ગુરુપદે સ્થાપ્યા. રાનડેને પણ ગોખલેજી પ્રત્યે ખૂબ જ ભાવ ઉત્પન્ન થયો. તેમણે ગોખલેજીને તાલીમ આપવી શરૂ કરી. રાનડેએ ગોખલેને હિંદના પ્રશ્નોનો માહિતીપૂર્ણ અભ્યાસ કરવા સૂચવ્યું. રાનડેએ યુવાનોને રાજદ્વારી વિષયોની ચર્ચા અને અભ્યાસને ઉત્તેજન મળે તે માટે પૂનામાં સાર્વજનિક સભા કાઢી હતી. ગોખલેજી આ સાર્વજનિક સભામાં જોડાયા. અહીં તેઓએ રાજ્યબંધારણ, જમીનમહેસૂલ, નાણાંપ્રકરણ વગેરે વિષયોનો અભ્યાસ કર્યો. યોગ્ય કાળે યોગ્ય હકીકત વાપરવાની કળા તેમણે સિદ્ધ કરી. રાનડે પણ ગોખલેજીને અભ્યાસમાં યોગ્ય સલાહ–સૂચના આપી રહ્યા હતા. આમ અભ્યાસ કર્યા પછી ગોખલેજીને વર્તમાનપત્રોમાં લેખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
લખવાનું તથા ભાષણ કરવાનું કહેવામાં આવતું. આ લેખો તથા ભાષણો રાનડે પ્રથમ તપાસી જતા. આમ ગોખલેજી રાનડે જેવા શિલ્પીના હાથે ઘડાતા હતા. આથી ગોખલેજીનાં લખાણોમાં ગંભીર વિચારણા, સત્ય માટેનો આગ્રહ, તીખા તમતમતા શબ્દોનો અભાવ, વગેરે આપણને માલૂમ પડે છે.

રાનડેને જ્યારે ખાત્રી થઇ કે ગોખલેજી બરાબર તૈયાર થઇ ગયા છે એટલે તેમણે ગોખલેજીને રાજકારણમાં દોર્યા.

૨૨ વર્ષની કાચી વયે તેઓ પૂનાની સાર્વજનિક સભાના મંત્રી બન્યા. બીજે વર્ષે તેઓ રાષ્ટ્રીય મહાસભાના પાંચમા અધિવેશનમાં રાનડે સાથે ગયા. આ બેઠકમાં તેઓ સરકારી નોકરીમાં હિંદીઓને પૂરતો હિસ્સો આપવા સંબંધમાં બોલ્યા. બીજે વર્ષે કલકત્તાની મહાસભામાં તેઓ નિમકવેરા સામે પોકાર ઉઠાવનાર ઠરાવના અનુમોદનમાં બોલ્યા. તેમના આ પ્રશ્નના ઊંડા અભ્યાસથી ફિરોજશાહ મહેતા જેવા પણ હેરત પામી ગયા. આમ દર વર્ષે ગોખલે મહાસભાના અધિવેશનમાં હાજર રહેતા અને પ્રાંસગિક ઠરાવો પર બોલતા. તેમના ભાષણમાં એક વસ્તુ ખાસ તરી આવે છે. તેઓ નરમ દળના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
સભ્ય હતા. તેમની ટીકા ખૂબ જ મધ્યમસરની હતી અને ભાષા પણ વિવેકપૂર્ણ હતી. ૧૮૯૧ ની નાગપુર મહાસભામાં કેળવણીના ઠરાવ પર બોલતાં તેમણે એક નવી જ વસ્તુ રજૂ કરી; પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજીયાત કર્યું. જેમ જેમ તેઓ રાજકારણમાં ઊંડો રસ લેતા ગયા તેમ તેમ તેઓ વધુને વધુ પ્રવાહમાં ખેંચાતા ગયા. રાજદ્વારી વિષયો પર અભ્યાસપૂર્ણ ભાષણો કરી લોક–જાગૃતિ કરતા ગયા. ૧૮૯૫માં પૂનામાં રાષ્ટ્રીય મહાસભાની બેઠક મળી. અહીં ગોખલેજી ખૂબ જાહેરમાં આવ્યા. તેમની વ્યવસ્થાશક્તિ તથા કર્તવ્યનિષ્ઠાનો દેશને સારો ખ્યાલ આવ્યો. ગોખલે તેમજ તિલક સ્વાગત–મંત્રી હતા તેથી મહાસભાની તૈયારીનો બધો ભાર તેમના પર પડ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

હિંદુસ્તાન અને ઇંગ્લાંડના આર્થિક તેમ જ રાજકીય વ્યવહારમાં હિંદુસ્તાનને અન્યાય થાય છે તેવો પોકાર પડતાં, પાર્લામેન્ટના સભ્યોનું એક બાદશાહી કમિશન—વેલ્બી કમિશન—નિમાયું. ગોખલેજીને હિંદનો કેસ રજૂ કરવા વિલાયત જવાની તક સાંપડી. આ વખતે તેમની ઉંમર માત્ર ૩૧ વર્ષની હતી. તેમની સાથે વાચ્છા, રમેશચંદ્ર દત્ત વિગેરે નેતાઓ પણ જુબાની આપવા ગયેલા. વેલ્બી કમિશન સમક્ષ ગોખલેએ જુબાની આપી. તેમની જુબાની ખૂબ જ મહત્ત્વની લાગવાથી તેમની ઊલટ તપાસ થઇ. વિલાયતના છાપામાં તેમની જુબાનીઓના અહેવાલો છપાયા અને આશ્ચર્યસહિત વંચાયા. ગોખલેની પ્રતિષ્ઠામાં ઓર વધારો થયો.

ગોખલે વિલાયતમાં આવ્યા તો ખરા, પણ ત્યાંની રહેણીકરણી, આચારવિચાર સાથે સાનુકૂળ થતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરા મુશ્કેલી પડી. વાચ્છા સાથે હોવાથી મહર્ષિ દાદા-ભાઇને ત્યાં રહ્યા. પણ તેમના વનસ્પતિઆહારના કારણે તેઓને હેરાનગતિ પડી.

ગોખલે પૂના છોડી ગયા ત્યારે પૂનામાં પ્લેગ ફાટી નીકળ્યો હતો. પ્લેગ સામે શું ઉપચાર લેવા તેની સરકારને માહિતી નહોતી. પૂનામાં માણસો ટપોટપ મરતાં હતાં. ઇંગ્લાંડના લોકોને પ્લેગનો અનુભવ હતો. તેનો ચેપ હિંદથી વિલાયત આવશે તો ? મુંબઇ સરકાર પર કડક હાથે કામ લેવાનું દબાણ થયું. સરકારે આ કામ લશ્કરને સોંપ્યું. લશ્કરના માણસો ઘરમાં પેસી જતા, ધર્મસ્થાનો અભડાવતા, છેલ્લો શ્વાસ લેતા દર્દીને બળજબરીથી ઉપાડી જતા, કેટલીક વખત ચોરીઓ થતી, કેટલીકવાર નિરાધાર સ્થિતિનો લાભ લઇ સ્ત્રીઓ ઉપર અત્યાચારો ગુજારવામાં આવતા. પૂનામાં સરકાર સામે રોષ વધતો જતો હતો. પ્રજા ત્રાસી ઊઠી અને કોઇએ આ કામના અધિકારી રેન્ડ અને બીજા સોલજરનું ખૂન કર્યું. ગોખલે પર આ સંબંધમાં પત્રો આવતા. ગોખલેએ ઇંગ્લાંડમાં જાહેર સભામાં હિંદીઓનો બચાવ કર્યો અને આ બધી હકીકત જાહેર કરી. સરકારી અમલદારો ગોખલે પર ચિઢાયા. વિલાયતના છાપાં પણ ગોખલે સામે ઊકળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
ઊઠયાં. ગોખલેએ એક પણ આક્ષેપ ખેંચવાનો ઇન્કાર કર્યો. મુંબઇ સરકાર પર ખરી હકીકત જાહેર કરવા તાર છૂટયા. મુંબઇ સરકારે ગોખલેના આક્ષેપોને 'નીચા–જૂઠા' કહ્યા. ગોખલેજીને ઝાળ લાગી. તેઓ હિંદ આવ્યા. મિત્રોના પત્રો તેમની પાસે હતા. તેઓ નિશ્ચિંત હતા. પણ તેમના મિત્રોએ પત્રો પ્રસિદ્ધ ન કરવા વિજ્ઞપ્તિ કરી. ગોખલેજી મૂંઝાયા. શું કરવું તે વિચારતા હતા. પોતાને પસ્તાવો થયો. આખરે મુંબઇ સરકાર પાસે માફી માંગી. આની અસર ગોખલે પર ખૂબ થઇ. તેમણે જાહેર જીવનમાં લાંબો વખત ભાગ લેવાનું છોડી દીધું.

એક વર્ષ બાદ પૂના, તેમજ મુંબઇમાં ફરી પ્લેગ ફાટી નીકળ્યો. પ્લેગના ગયા વખતના કડવા અનુભવથી સરકારે આ વખતે પ્રજાના સ્વયંસેવકોની સહાય માગી. આ વખતે રશિયન ડૉકટર હાફ્કીન હિંદમાં આવ્યા. તેમણે પ્લેગની રસી શોધી કાઢી. આને કારણે પ્લેગના ભોગ બનેલાં હજારો માણસો બચી ગયાં. પ્રજાના સ્વયંસેવકોની સમજાવટથી લોકો રસી મુકાવતા. ગોખલેએ આ કાર્યમાં સરકારને સાથ આપ્યો. સરકારે ગોખલેની સેવાની કદર કરી અને માફીનો ઘા થોડે અંશે રૂઝાયો.

આ અરસામાં મુંબઇના સિંહ ફિરોજશાહ મહેતા મધ્યસ્થ ધારાસભામાંથી નિવૃત્ત થયા. તેમની જગ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
ખાલી પડી. ફિરોજશાહ મહેતાએ ગોખલેને મધ્યસ્થ ધારાસભામાં બેસી વિરોધ પક્ષના નેતાની જવાબદારી સ્વીકારવાનું સૂચન કર્યું. ગોખલેને મન ફિરોજશાહ મહેતાની આજ્ઞા શિરસાવંદ્ય હતી. ફિરોજશાહ મહેતાના ટેકાથી ગોખલેને ચુંટાવવામાં મુશ્કેલી પડી નહિ. આ જ વર્ષે ફર્ગ્યૂસન કૉલેજનાં તેમના સેવાનાં વર્ષો પૂરા થતાં હતાં. આમ તેમણે જાહેર જીવનમાં ફરી ઝંપલાવ્યું.

ગોખલેજી જ્યારે મધ્યસ્થ ધારાસભાના વિરોધ પક્ષના નેતા બન્યા તે સમય જુદો હતો. ધારાસભાને કાંઇ વિશિષ્ટ સત્તા નહોતી. ધારાસભામાં સભ્યો માત્ર વાણી વિલાસ કરી પોતાનું વાક્‌ચાતુર્ય દેખાડતા. ધારાસભા માત્ર તમાશો જ હતો. અંધારામાં પૂરું આ વખતે લૉર્ડ કર્ઝન વાયસરોય હતો. તેને તેની બુદ્ધિનો ઘમંડ હતો. ગોખલેનું કાર્ય મુશ્કેલ હતું. તેમના પુરોગામી ફિરોજશાહ મહેતાની ગાદીને લાયક નીવડવાની તેમને ચિંતા રહેતી.

અંદાજપત્રક ધારાસભામાં ચર્ચા માટે રજૂ થયું. નાણા-સભ્યને આ વર્ષના અંદાજપત્ર માટે અભિમાન હતું. કારણકે તેણે આવક કરતાં ખર્ચ ઓછું દેખાડયું હતું. બધા સભ્યોએ નાણા–સભ્યને અભિનંદન પાઠવ્યા. ગોખલેજી ઊભા થયા. તેમણે સૂચન કર્યું : હિંદ પર કર–ભાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અસહ્ય છે. જ્યારે બજેટમાં આવકનો વધારો છે ત્યારે નાણાં–સભ્યને હિંદનું કર–ભારણ ઘટાડવાનું કેમ સૂઝતું નથી? હિંદ જેવા ગરીબ દેશની આર્થિક પરિસ્થિતિ જોતાં શું અમે કર–ભારણ–ઘટાડાની આશા ન રાખીએ?

સહુ હેબતાઇ ગયા. નાણા–પ્રધાન કાપ્યો હોય તો લોહી ન નીકળે એટલો ફિક્કો થઈ ગયો. ગોખલેની રચનાત્મક ટીકાએ સહુને વિચારમાં મૂકી દીધા.

અહીં વિરોધ પક્ષના નેતા ગોખલેએ જે કામગીરી બજાવી તે તેમની પાર્લામેન્ટરી કાર્યદક્ષતાનો અચૂક પુરાવો આપે છે. સુંદર શબ્દોમાં સામા પક્ષને માઠું ન લાગે તેવી તેમની ટીકા, દરેક પ્રશ્ન ઉપર રચનાત્મક સૂચન, દરેક પ્રશ્નની અભ્યાસપૂર્ણ રજૂઆત અને તુલનાત્મક સમાલોચનાને કારણે ગોખલેજીની પ્રતિષ્ઠામાં ઓર વધારો થયો. સરકાર પક્ષ પણ ગોખલે શું કહે છે તે જાણવા આતુર હતો. બંધારણની મર્યાદાને કારણે ગોખલેજી ભલે બહુ સિદ્ધિ ન મેળવી શક્યા હોય, પણ તેઓ જે રચનાત્મક સૂચનો કરતા હતા તે મોડે મોડે સરકાર સ્વીકારતી. અંદાજપત્રની બેઠક વખતે દર વર્ષે તેઓ હિંદનો કેસ, હિંદની રાષ્ટ્રીય માંગણીઓ પિષ્ટ–પેષણનો દોષ વહોરી લઇને પણ રજૂ કરતા. આમ તેઓ તેમની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
રીતે હિંદની મધ્યસ્થ ધારાસભામાં હિંદની આઝાદીનો કેસ લડતા.

ગોખલેને ધારાસભાનું નવું મન–પસંદ ક્ષેત્ર મળ્યું. આ અરસામાં તેમના બીજીવારના પત્નીનું અવસાન થયું. આ ઉપરાંત તેમના પર બીજો મહાન ફટકો પડયો. તેમના ગુરુ રાનડેનું અવસાન થયું. તેમના મૃત્યુ પર તેમણે લખ્યું : 'એમના મૃત્યુથી મેં કેટલું ગુમાવ્યું છે એ લખી શકતો નથી. મારા જીવન ઉપર એકાએક ઘેરું અંધારું ફરી વળ્યું છે. જાહેર કામમાં જે સંતોષ મળતો તે આજે ઊડી ગયો છે....'

૧૯૦૫ ની સાલ ગોખલેજીના જીવનમાં ઐતિહાસિક ગણાય છે. આ વર્ષે તેમણે 'ભારતીય સેવક સમાજ' સ્થાપ્યો. આજ વર્ષે હિંદને મન મોટામાં મોટું માન–રાષ્ટ્રીય મહાસભાનું પ્રમુખપદ–તે તેમને મળ્યું.

હિંદુસ્તાનના રોગની ચિકિત્સા કર્યા બાદ ગોખલેજીને એક મહાન સત્ય સમજાયું કે બે ઘડી દુરસદને વખતે ભાષણો કરી લેનારા આગેવાનોથી દેશનું દારિદ્ર ફીટવાનું નથી. સારૂં યે જીવન દેશકાર્યને અર્પણ કરનારા, કીર્તિ, સુખ, વૈભવ, પૈસાનો મોહ છોડી દેશની સેવામાં રહે એવા યુવાનોના સંઘની જરૂર

ગો. CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
દેશને છે. આ હેતુથી તેમણે ઇસ્વી સન ૧૯૦૫માં ભારતીય સેવક સમાજ સ્થાપ્યો. ભારતીય સેવક સમાજમાં દાખલ થનાર ઉમેદવારને નીચેની પ્રતિજ્ઞાઓ લેવાની હતી.

૧ દેશને મારા વિચારોમાં પ્રથમ સ્થાન રહેશે અને મારામાં જે કાંઇ શ્રેષ્ઠ છે તે હું દેશની સેવામાં અર્પીશ.

૨ દેશની સેવા મારફત હું મારો કોઇ પ્રકારનો અંગત સ્વાર્થ સાધીશ નહિ.

૩ હું સર્વે હિંદીઓને ભાઇઓ સમજીશ, અને જ્ઞાતિ કે ધર્મના ભેદ વિના સર્વેની ઉન્નતિ માટે કાર્ય કરીશ.

૪ મારા તથા મારા કુટુંબનાં ભરણપોષણ માટે સમાજ જે કાંઇ વ્યવસ્થા કરશે તેમાં હું સંતોષ માનીશ મારા પોતા માટે કમાણી કરવામાં હું મારી શક્તિનો અંશ પણ ખર્ચીશ નહીં.

૫. હું મારૂં અંગત જીવન શુદ્ધ રાખીશ.

૬. હું કોઇની પણ સાથે અંગત તકરારમાં પડીશ નહિ.

૭. હું સમાજના ધ્યેયોને સદા નજર સમક્ષ રાખીશ. ગોખલજીએ સમાજના સભ્યો માટે નીચેનું કાર્યક્ષેત્ર નક્કી કર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧ લોકોમાં દેશભક્તિ ઉત્પન્ન કરવી. સેવા અને બલિદાનની ભાવના વિકસાવવી.

૨ જાહેર પ્રશ્નોનો કાળજીભર્યો અભ્યાસ.

૩ કોમ કોમ વચ્ચે એકતા પેદા કરવી.

૪ કેળવણીનો પ્રચાર—સ્ત્રી—કેળવણી, પછાત વર્ગમાં કેળવણીનો પ્રચાર,—ઔદ્યોગિક તથા વૈજ્ઞાનિક કેળવણી.

૫ દેશનો ઔદ્યોગિક વિકાસ.

૬ દલિત વર્ગનો ઉદ્ધાર.

આમ 'ભારત સેવક સમાજે' દેશની મૂંગી સેવાનું કાર્ય આરંભ્યું. તેના કેટલાક સભ્યો આજે આખા હિંદમાં તેમના સેવાકાર્ય માટે ખૂબ જાણીતા છે. સ્વ. શ્રી. દેવધર, શ્રી. શ્રીનિવાસ શાસ્ત્રી, હૃદયનાથ કુંઝરૂ, અમૃતલાલ ઠક્કર બાપા વિ. પૂ. મહાત્માજી જ્યારે હિંદમાં આવ્યા ત્યારે તેમને પણ 'ભારત સેવક સમાજ'ના સભ્ય બનાવવાની ગોખલેજીની ઇચ્છા હતી. પણ તેમના સભ્યો ગાંધીજીના અસત્ય સામેના સામનાના પ્રતિકારની નીતિના વિરોધી હોવાથી સંમત ન થયા. ગોખલેજી તો મહાત્માજીને 'ભારત સેવક સમાજ'ના આજીવન સભ્ય માનતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯૦૫નું વર્ષ હિંદના રાજકારણના ઇતિહાસમાં સીમાચિન્હ ગણી શકાય. ઉગ્ર રાષ્ટ્રવાદનો જન્મ ૧૯૦૫ માં થયો. અંગ્રેજી શિક્ષણના ફેલાવાથી તેમજ અંગ્રેજી રાજનીતિજ્ઞ બર્ક, મીલ, ગ્લેડસ્ટન, મોર્લિ વગેરેના સાહિત્યના વાંચનથી હિંદમાં સ્વાતંત્ર્યની તમન્ના જાગતી હતી. બંગાળમાં રાષ્ટ્રીય જાગ્રતિનાં પૂર ફેલાતાં હતાં. હિંદીઓ વધારે ને વધારે રાજકીય હકકો માંગતા જતા હતા. બંગાળ મોખરે હતું. અંગ્રેજ નોકરશાહીની આંખ ફરકી. હિંદના હાકિમપદે લોર્ડ કર્ઝન હતા. તેમને સત્તાનો ઘમંડ હતો. એમણે આ રાષ્ટ્રજાગ્રતિના પૂરને ખાળવાનો પ્રયત્ન કર્યો. દાનત હતી રાષ્ટ્રવાદને કચડવાની–બહાનું કાઢયું કે બંગાળ પ્રાંત ખૂબ જ મોટો છે તેથી વહીવટમાં કાર્યદક્ષતા જળવાતી નથી. બંગાળના ભાગલા પાડયા. એવી સિફતથી ભાગલા પાડયા કે એક ભાગમાં હિંદુઓની બહુમતિ રહે અને બીજા ભાગમાં મુસ્લિમોની બહુમતિ રહે. આમ ' ભાગલા પાડો અને રાજ કરો ', ' હિંદુ અને મુસ્લિમ કોમ વચ્ચેનું સંગઠન તોડી પાડો ' એ નીતિનો અમલ થયો. બંગાળીઓ હેબતાઇ ગયા. પોતાના દેહનું છેદન થયું હોય તેટલું બંગાળને લાગ્યું. આખા બંગાળમાં જ્યારે બંગ–ભંગ દિવસ આવ્યો ત્યારે શોક પળાયો. ઠેર ઠેર હડતાલ પડી. હિંદમાં પણ બંગાળનું દુઃખ એ હિંદનું દુઃખ

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે એમ ગણી હડતાલ પડી. આના વિરોધમાં અંગ્રેજી અહિંસકાર અને સ્વદેશીની પ્રવૃતિ જોરશોરથી શરૂ થઇ.

હિંદમાં જ્યારે બંગ–ભંગવિરોધી પ્રવૃતિ ચાલતી હતી ત્યારે ૩૯ વર્ષની નાની વયે ગોખલેજીને બનારસ રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખપદે ચૂંટવામાં આવ્યા. રાષ્ટ્રપ્રમુખપદેથી તેમણે બંગ–ભંગ સામે પોતાનો શક્તિશાળી અવાજ રજૂ કર્યો. વહીવટી કારણસર બંગાળના ભાગલા પાડવામાં આવ્યા છે તે નરાતલ જૂઠું છે એમ પુરવાર કર્યું. કર્ઝન હિંદમાં જાગેલ રાષ્ટ્રીયતાનાં પૂરને ડામવા માંગે છે એમ ભાર પૂર્વક જણાવ્યું. બંગ–ભંગ પાછળ જૂની સામ્રાજ્યશાહી નીતિ–'ભાગલા પાડો અને રાજ કરો' એ નીતિ–કામ કરી રહી છે એમ પોકારીને કહ્યું. હિંદુ અને મુસ્લિમ વચ્ચે ઝેરનાં બી રોપાય છે એવી ચેતવણી પણ આપી. આખા યે પ્રશ્નની તેમની માહિતીપૂર્ણ છણાવટથી સહુ કોઇ આશ્ચર્ય પામ્યું. નિર્ભેળ સત્ય હકીકતોથી ભરપૂર એમનાં ભાષણે સરકારના દંભને ખુલ્લો પાડી દીધો.

આ વખતે તેમણે બહિષ્કારના શસ્ત્ર સામે ચેતવણી આપી. એમણે જણાવ્યું; 'બહિષ્કાર એક ચોક્કસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
રાજદ્વારી હેતુસર વાપરવામાં આવેલું રાજદ્વારી શસ્ત્ર છે. અને બંગાળીઓની આજે તે સ્થિતિ આવી પડેલી છે, તેમાં આ શસ્ત્ર ઉગામવાનું વાજબી કારણ હતું. અને હું મારા જાતઅનુભવ પરથી કહું છું કે હિંદના બનાવો તરફ અંગ્રેજ પ્રજાનું ધ્યાન ખેંચવાનો હેતુ સંપૂર્ણપણે સિદ્ધ થયો છે.

'વધારામાં બહિષ્કાર જો ફક્ત ઇંગ્લાંડના માલ ઉપર જ લાગુ કરવામાં આવે તો બીજા પરદેશોનો માલ ખરીદવાની આપણને છૂટ રહેશે, અને એમ થાય તો આપણી સ્વદેશીની હિલચાલને તેનાથી કશો જ લાભ થશે નહિ.'

આનો ધ્વનિ એ હતો. હવે બહિષ્કાર બંધ કરો. આવા સ્પષ્ટ અભિપ્રાયથી ગોખલેજી જહાલ વર્ગમાં અપ્રિય થયા. સ્વભાવે તેવો વિનીત હતા. અને તેથી તેમણે આવી સલાહ આપી.

બહિષ્કારની ચળવળ જોર પકડતી હતી. વધારામાં બંગાળમાં બૉમ્બ–પ્રવૃત્તિ શરૂ થઇ. ગોખલેજી અકળાતા હતા. આ અરસામાં ઇંગ્લાંડમાં હિંદ પ્રત્યે સુહૃદયતા દેખાડતા વિનીત રાજદ્વારી નેતા મોર્લિ હિંદના પ્રધાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
બન્યા. ગોખલેજીને ખૂબ આશા બંધાણી. એમણે બહિષ્કારની વિસ્તૃત થતી પ્રવૃત્તિ પ્રત્યે નાખુશી દેખાડી. મોર્લિને તક આપવા દો એ એમનો પ્રધાન સૂર હતો. કમભાગ્યે મોર્લિના અમલ દરમ્યાન જ લાલા લજપતરાય દેશનિકાલ થયા. જહાલ વર્ગનું વર્ચસ્વ વધ્યું. ગોખલેજીની મૂંઝવણનો પાર નહોતો. તેમને હજુ મોર્લિ કાંઇક કરશે એમ આશા હતી. ૧૮૮૬માં કલકત્તામાં મહર્ષિ દાદાભાઇના પ્રમુખપદે મહાસભાની બેઠકની સભા મળી. સ્વદેશી રાષ્ટ્રીય શિક્ષણ, બહિષ્કાર પર ઠરાવો પસાર થયા. તિલકપક્ષ પોતાનું ધાર્યું કરાવી શક્યો.

૧૯૦૭ ની મહાસભાની બેઠક નાગપુરમાં મળવાની હતી. ૧૯૦૬ના વર્ષ દરમ્યાન ગોખલેજી બંગ–ભંગ સામે બ્રિટિશ પ્રજામત જાગ્રત કરવા વિલાયત ગયા હતા. ત્યાં તેમને હિંદી વઝીર મોર્લિ સાથે મુલાકાત થઇ. ત્યારબાદ તેઓ અનેક વખત મળતા, વિચારોની આપલે કરતા અને નવા સુધારાનું સ્વરૂપ કેવું હોવું જોઇએ તેનો ખરડો પણ તૈયાર કરીને ગોખલેજીએ મોર્લિને આપેલો. ગોખલેજીને નવા સુધારા અંગે ખૂબ આશા બંધાયેલી. તેથી તેમણે નાગપુરની મહાસભામાં બહિષ્કાર, સ્વદેશી, રાષ્ટ્રીય શિક્ષણ વગેરે અંગે ઠરાવ ન થાય એ માટે મહેનત કરી. તેમને લાગ્યું કે આમ થશે તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
મોલિ નાગુરા વસે અમ નવા મુકામના નિર્ણય થશે. પણ નાગપુર એટલે તિલકપક્ષ–જહાલ વર્ગનો કિલ્લો. ફિરોજશાહ મહેતાએ વટહુકમ છોડયો,–મહાસભા સુરત મળશે. મહાસભાના પ્રમુખપદ માટે ઝઘડો થયો. છેવટે લોકમાન્ય તિલકે એક શરતે મવાળ પક્ષના ઉમેદવાર રાસબિહારીને માન્ય રાખવા કબૂલ્યું. શરત માત્ર એટલી જ હતી–ગયા વર્ષે પસાર થયેલ ઠરાવો : સ્વદેશી બહિષ્કાર, રાષ્ટ્રીય શિક્ષણ પસાર કરવાનું વચન આપો. મવાળ પક્ષે માન્ય ન કર્યું. બેઠક મળી. રાસબિહારીનું નામ મુકાયું. સૂરેન્દ્રનાથ બેનરજી બોલવા ઊભા થયા. જહાલ પક્ષે તોફાન જગાવી સુરેન્દ્રનાથ બેનરજીને બેસી જવાની ફરજ પાડી. બીજે દિવસે બેઠક મળી. તિલક પ્રમુખની દરખાસ્ત પર બોલવા ઊભા થયા. પ્રમુખે રોકયા. તિલકે કાનૂની પ્રશ્ન ઉઠાવ્યો. તમે હજુ પ્રમુખ ચુંટાયા નથી. તેમાં કોઇએ તિલક પર ખુરસી ફેંકી. ગોખલેજી તિલકના બચાવ અર્થે કૂદી પડયા. કોઇએ દક્ષિણી ચંપલ ફેંક્યું. ફિરોજશાહ મહેતા પર ધસાઇને સુરેન્દ્રનાથ પર પડયું. પછી મચી ધમાલ. સુરત કોંગ્રેસમાં ભંગાણ પડયું, મહાસભા તૂટી પડી. આ આખા યે કમનસીબ પ્રસંગમાં એક જ વસ્તુ તરી આવે છે. તે ગોખલેજીની સૌજન્યતા. પોતાના રાજકીય વિરોધીને બચાવવા પોતે વચ્ચે કૂદી પડયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંધીજી અને ગોખલે

બેરિસ્ટર થઇને આવ્યા પછી ધંધાર્થે ગાંધીજી આફ્રિકા ગયા. આફ્રિકામાં હિંદીઓની જે કરૂણ સ્થિતિ જોઇ તેથી તેમને ખૂબ આઘાત લાગ્યો. હિંદીઓને ઢેઢ જેવા ગણવામાં આવતા હતા. શહેરથી દૂર અલગ પરા વસાવીને રહેવું પડતું. રંગ–ભેદ બહુ જ જોવામાં આવતો. ગોરાઓ હિંદીઓને ટાંગાઓમાં બેસવા ન દે, રેલગાડીમાં પહેલા–બીજા વર્ગમાં બેસવા ન દે, હોટેલોમાં પેસવા ન દે, ફૂટપાથ પર ચાલતા હોય તો ધક્કા મારે. ખુદ ગાંધીજીને પણ આવોજ કડવો અનુભવ થયેલો. આ અરસામાં હિંદીઓ આફ્રિકામાં કાયમી વસાહતી ન બને તે માટે સરકારે એક કાયદો પસાર કર્યો. પહેલાં દક્ષિણ આફ્રિકાના વિકાસ અર્થે હિંદમાંથી મજૂરોને લઇ જતા. આ અંગે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રથા તરીકે જાણીતી હતી. ગિરમીટિયા મજૂરો પોતાનો કૉન્ટ્રેક્ટ પૂરો થાય એટલે સ્વતંત્ર મજૂર તરીકે કામ કરતા તેમના ઉપર હવે ૩ પૌંડનો હૈડિયાવેરો નાંખવામાં આવ્યો.

ગાંધીજીએ આ અન્યાયો અને અપમાનો સામે હિંદીઓને સંગઠિત કર્યા.

ત્યાર બાદ ગાંધીજી હિંદ આવ્યા. હિંદના નેતાઓ સમક્ષ આફ્રિકાનો કેસ રજૂ કર્યો. ગાંધીજી આ સંબંધમાં ગોખલેજીને મળ્યા. ગોખલેજીએ ગાંધીજીની વાત સાંભળી તેમજ ગાંધીજીએ કરેલી પ્રવૃત્તિનો અહેવાલ સાંભળી ખુશ થયા. ગાંધીજી કોઇ જુદી માટીના માનવી છે તેની તેમને ખાત્રી થઇ. ગાંધીજીએ પણ ગોખલેજીને પોતાની બાબતમાં અત્યંત રસ લેતા જોઇ તેમજ સહાનુભૂતિ દેખાડતા જોઇ ખૂબ સંતોષ અનુભવ્યો. ગોખલેજી પ્રત્યે તેમને અનન્ય ભક્તિભાવ થયો.

ગોખલેને મળ્યા બાદ ગાંધીજી દક્ષિણ આફ્રિકા ગયા. ડરબન પહોંચ્યા ત્યાં ગાંધીજી ઉપર હુમલો થયો. મરણતોલ માર પડયો. વીસમી સદીના આ ઇશુએ પોતાના ઉપર હુમલો કરનારાઓને માફી આપી. સરકારને પણ તેમના પર કામ ન ચલાવવા આજીજી કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
ત્યારબાદ ચોર લોકોએ બળવો કર્યો. ગાંધીજીએ બ્રિટિશ શહેનશાહ પ્રત્યે પોતાની વફાદારી પ્રદર્શિત કરી. ૧૧૦૦ હિંદીઓની દાકતરી ટુકડી ઊભી કરી.

દક્ષિણ આફ્રિકાની સરકારને હિંદીઓ દક્ષિણ આફ્રિકામાં અડ્ડો જમાવે તે જરા યે રુચતું નહોતું. હિંદીઓ ઉદ્યમી હોવાથી દક્ષિણ આફ્રિકામાં આર્થિકક્ષેત્ર એક પછી એક હાથ કરશે તેવી તેમને ભીતિ લાગતી. હિંદીઓની જરૂરિયાત થોડી એટલે તેઓ ઓછા નફે વેપારરોજગાર ધીકતો કરી શકે. ગોરાઓનાં ધીકળાં બંધ થાય; એટલે દક્ષિણ આફ્રિકાની સરકારે હિંદીઓનો પગ કાઢી નાખવાનો નિર્ણય કર્યો. ૧૯૦૫માં એક 'હિંદી કાયદો' પસાર કર્યો. આ કાયદા અનુસાર દરેક હિંદીએ મજૂર હોય યા લાખોનો ધણી હોય, અભણ હોય યા બૅરિસ્ટર હોય—તેણે અમુક તારીખ સુધીમાં પરવાનો કઢાવવાનો હતો અને તેમાં ચોર-ડાકુની જેમ દસ આંગળાની છાપ આપવાની હતી. જ્યાં જાય ત્યાં પરવાનો સાથે રાખવાનો હતો અને પોલીસ માંગે ત્યારે દેખાડવાનો હતો.

ગાંધીજી હચમચી ઊઠયા. વિજ્ઞપ્તિ કરી, અરજી કરી. બધું વ્યર્થ. છેવટે કોઇ સંજોગોમાં ખૂની કાયદાને શરણ ન થવું તેમ નક્કી કર્યું. ગોખલેને ગાંધીજીએ આ કાળા કાયદાની જાણ કરી. ગાંધીજીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
આગેવાની નીચે આ કાળા કાયદાના વિરોધમાં સત્યાગ્રહ શરૂ થયો. હિંદીઓએ આ કાયદા અનુસાર પરવાના કઢાવ્યા નહિ. બદલામાં જેલ સ્વીકારી. આ બધું સાંભળી ગોખલેનું હૃદય હર્ષોન્મત્ત બનતું. પરલોકમાં ગાંધીજીના પરાક્રમ સાંભળી ગોખલેજીની છાતીમાં સવાશેર લોહી ચઢતું.

થોડા જ દિવસમાં સરકારે સમાધાન કર્યું. પરવાના કઢાવવાનું ફરજીયાત નહીં પણ મરજીયાત કર્યું. હિંદીઓને આ સમાધાન ન રુચ્યું. છતાં ઘણાખરાએ ગાંધીજીના માન ખાતર પરવાના કઢાવ્યા. સરકારે આમ છતાં આ ખૂની કાયદો રદ–બાતલ ન કર્યો. આટલું જ નહીં પણ નવા હિંદીઓ આવવા સામે સખ્ત અંકુશો મૂકનારો બીજો કાયદો કર્યો. ગાંધીજીએ ફરીથી લડતનું બ્યૂગલ ફૂંક્યું. મરજીયાત કઢાવેલા પરવાના ભેગા કરી એની હોળી કરી. સત્યાગ્રહ શરૂ કર્યો. ગોખલેજીએ આ પ્રશ્ન મધ્યસ્થ ધારાસભામાં ચર્ચ્યો. ગાંધીજીની ઇચ્છા હતી કે કોઇ મોટા નેતા હિંદુસ્તાનમાંથી આવે, પરિસ્થિતિ જાતે નિહાળે અને પછી હિંદમાં લોકમત કેળવે. તેમની દ્રષ્ટિ ગોખલેજી પર પડી. ૧૯૧૧માં ગોખલેજી વિલાયત ગયેલા ત્યાંથી પાછા ફરતાં તેઓ આફ્રિકા ગયા. હિંદીઓએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમનું બાદશાહી સ્વાગત કર્યું. ગોખલેજીના માનમાં સમારંભો થયા. તેમની મધુર અંગ્રેજી વાણી સાંભળી અંગ્રેજો મુગ્ધ થયા. તેમની સભામાં ગોરા સ્ત્રી–પુરુષો આવતા. તેમણે ગાંધીજી વગેરે કાર્યકર્તા પાસેથી તેમજ ગોરાઓની મુલાકાતોમાંથી પ્રશ્નનો અભ્યાસ કરી લીધો. છેલ્લે રાજધાની પ્રિટોરિયામાં પ્રધાનો સાથે મસલત કરી સમાધાન થયું. ખૂની કાયદો રદ કરવાનું, નવા થયેલા પ્રવેશ-બંધન કાયદામાંથી રંગભેદનું ઝેર દૂર કરવાનું વચન મળ્યું. ત્રણ પૌંડનો હૈડિયાવેરો દૂર કરવાનું વચન આપ્યું. ગાંધી-જીએ આ સમાધાન સ્વીકાર્યું.

પણ દક્ષિણ આફ્રિકાની સરકારની દાનત સાફ નહોતી. તેણે તુરત વચનભંગ કર્યો. હૈડિયાવેરો નાબૂદ ન કર્યો. એટલું જ નહીં પણ ગોખલેને આવું વચન આપ્યાનો ભારપૂર્વક ઇન્કાર કર્યો. ગાંધીજીને ખૂબ આઘાત લાગ્યો. ગોખલેનું અપમાન એટલે હિંદનું અપમાન, તેમ તેમને લાગ્યું. ગાંધીજીએ લડતનો હુકમ આપ્યો. ગિરમીટિયા મજૂરોને પણ આ લડતમાં જોડાવા હુકમ આપ્યો. આ અરસામાં એક અદાલતે ચુકાદો આપ્યો તેમાં હિંદુ-મુસ્લિમોના લગ્ન જે અખ્રિસ્તી વિધિ પ્રમાણે થયાં છે તે સરકારને માન્ય નથી તેમ જાહેર કર્યું. આ ચુકાદાની રૂએ હિંદુ પત્ની અગર મુસલમાનની પત્ની એક પત્ની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવું બાલ - કુમાર સાહિત્ય

શ્રી બાલ સંસ્કાર માળા
સેટ ૧ લો પાંચ પુસ્તકો
(ચરિત્રરત્નો) ૬૦ ચરિત્રો
કિંમત રૂા. ૨-૮

શ્રી બાલ સંસ્કાર માળા
સેટ બીજો કિંમત રૂા. ૨-૮
(બાલકો માટે દેશનેતાઓના
પાંચ ચરિત્રો

બુદ્ધિનો બાદશાહ	૨-૪
ચતુર સુજાણ	૧-૮
બીરબલની ચિત્રમય બાલવાતો	૩-૦
કૃતુભા ફાંકડાનાં પરાક્રમો	૧-૪
કવિ કાલિદાસની બાલવાતો	૨-૮
અમારાં ગીત	૦-૬
રાસકોકિલા	૦-૭
પાયલ બાજે	૦-૭
મામાનું ઘર કેટલે ?	૨-૦
બલૂન પ્રવાસ	૩-૦
પટેલ પટલાણી	૩-૦
જાદુઇ ચક્કી	૩-૦
કુમાર કથાઓ	૩-૦
વિક્રમની વાતો	૪-૮
બુદ્ધિવિલાસ	૫-૦
જય ગુજરાત	૧-૪
દાદાજીનું ડહાપણ	૩-૮
અકકલ અજમાવો	૩-૦
ખેલાડી	૩-૦
બાટલીનો ભૂત	૩-૦
કીલુ યાને વીંટીની શોધમાં	૨-૦
બાની વાતો	૨-૦
આદમમીંયા	૧-૪
સમર્થ રામદાસ	૦-૬

: મળવાનું સ્થળ :

એન. એમ. ઠક્કરની કંપની

બુકસેલર્સ : પબ્લીશર્સ • ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠક્કરનું નવું

ચિત્રમય બાલસાહિત્ય

ભેટ આપી શકાય તેવા કલામય બૉકસમાં



ચરિત્ર રત્નો નાં બાલ ચરિત્રાનાં બે સેટ
પ્રગટ થઇ ગયા છે

☆

દરેક પુસ્તક ૬૪ પાના, ૧૨ ચિત્રો ને બાલ ચરિત્રો

: સેટ પહેલો :		: સેટ બીજો :	
૧ ચરિત્ર રત્નો	૦-૮-૦	૧ ગોપાળ કૃષ્ણ ગોખલે	૦-૮-૦
૨ ચરિત્ર પરિમલ	૦-૮-૦	૨ બાપુ	૦-૮-૦
૩ ચરિત્ર સુવાસ	૦-૮-૦	૩ પં. જવાહરલાલ નેહરૂ	૦-૮-૦
૪ હાસ્યઘેલાં	૦-૮-૦	૪ સરદાર વલ્લભભાઇ પટેલ	૦-૮-૦
૫ દાદાજીના ઉખાણા	૦-૮-૦	૫ લોકમાન્ય તીલક	૦-૮-૦

☆

એ ન. એ મ. ઠક્કર ની કં પ ની

બુકસેલર્સ : પબ્લિશર્સ : પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઇ ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar